સંક્ષિપ્ત સમાચાર

ભરૂચના ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ માણનારા 9 ઝડપાયા

ભરૂચ: ભરૂચ સી ડિવિઝન પોલીસે નવા વર્ષ પૂર્વે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન બાતમીના આધારે તવરા-શુકલતીર્થ માર્ગ પર આવેલા ભગુ કૃપા ફાર્મ હાઉસમાં દરોડો પાડી દારૂની રેલમછેલ મહેફિલ સાથે ઝડપી પાડ્યા હતા. ફાર્મ હાઉસમાં 9થી 10 જેટલા લોકો ગેરકાયદે રીતે દારૂ પી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા સ્થળ પરથી 9 લોકોને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 2 બોટલ અને નમકીન સહિત કુલ રૂપિયા 7 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે પ્રથમ પટેલ, વિરાજ પટેલ, હેત ચૌહાણ, રાજ પટેલ, અનિલ ગામીત, આદિત્ય ચૌહાણ, રિતિક પટેલ, મિહિર ગોહિલ અને આદિત્ય પરદેશી સહિત 9 આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

માંડવીના અમલસાડી ગામનાં કાજલ પટેલ પીએચ.ડી. થયાં

ડિલેશ પટેલ

માંડવી: ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) દ્વારા પટેલ કાજલકુમારી મનોજભાઈને ડોક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.)ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે "ગુજરાત રાજ્યના ખાસ સંદર્ભ સાથે મહિલા રોકાણકારોના રોકાણ નિર્ણયના નિર્ધારકો પરનો અભ્યાસ" વિષય પર પોતાનો થીસીસ રજૂ કર્યો હતો. તેમના સંશોધન કાર્યનું માર્ગદર્શન ડો.મહમ્મદરાફીક યુ. મેમણ દ્વારા કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી દ્વારા 29 ડિસેમ્બર, 2025ના રોજ યુનિવર્સિટીએ તેમનો થીસીસ સ્વીકાર્યો હતો. તેમનો વાયવા 16 ડિસેમ્બર, 2025ના રોજ યોજાયો હતો. આથી, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદે પટેલ કાજલકુમારી મનોજભાઈને "ડોક્ટર ઓફ ફિલોસોફી" (Ph.D.)ની ડિગ્રી માટે લાયક જાહેર કર્યા છે.

નિઝરમાં નશામાં વાહન ચલાવતા 3 ઝડપાયા

કુકરમુંડા : ન્યૂ યર ઈવના દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ અકસ્માતો અટકાવવા નિઝર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવતા ત્રણ અલગ અલગ ઇસમોને ઝડપી લઈ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં આરોપી રાકેશભાઈ અંજનભાઈ વળવી (ઉ.વ.૨૬) (રહે., બેજ ગામ, માસ્તર ફળિયું, તા.કુકરમુંડા), ગુલાબસિંગ ચંપાભાઈ પાડવી (ઉ.વ.૪૦) (રહે.,રાયગઢ ગામ, તા.નિઝર) તેમજ કિરણભાઈ કૃષ્ણભાઈ વળવી (ઉ.વ.૨૮) (રહે.,ગામડી, તા. નિઝર) તમામને તા. ૩૧/૧૨/૨૦૨૫ના રોજ નશાની હાલતમાં મોટરસાઇકલ ચલાવતા ઝડપી પાડવામાં આવ્યા હતા. નિઝર પોલીસ દ્વારા ત્રણેય ઇસમ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નશામાં વાહન ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી પોલીસ દ્વારા આપવામાં હતી તેમ છતાં જાહેર જનતાને 31 ડિસેમ્બરની ઘેલછામાં નશો કરતા પોલીસના હાથે પકડાઈ ગયા હતા.

અંકલેશ્વર હાઇવે પર ટ્રક અને બાઇક અથડાતાં એકનું મોત, એક ગંભીર

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે પર માંડવા નજીક ગતરોજ રાત્રે ટ્રક અને બાઇક વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં એકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એકને ગંભીર ઇજા પહોંચી હતી.ટ્રક નં.(જીજે-16-વી-3984)ના ચાલકે બેદરકારી અને ઝડપી ગતિએ વાહન ચલાવતા બાઇક નં.(જીજે-06-એચ.આઈ-5643)ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત બાદ બાઇક પર સવાર વ્યક્તિઓ રોડ પર પટકાતાં એકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્યને ગંભીર ઇજા થતાં તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે મૃતક ગણેશ ખુશાલભાઈ બારિયા (ઉ.વ.39) નર્મદા જિલ્લાના નમારિયા ગામ હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત ભરત ઉકેડભાઈ બારિયા હાલ સારવાર હેઠળ છે.

ઉચ્છલમાં શાકભાજી વેચતા વેપારી સાથે વિધર્મીની મારામારી, પોલીસ ફરિયાદ

વ્યારા: ઉચ્છલના માણેકપુરના માવચી ફળિયામાં રહેતા યોહાનભાઈ તુકારામ વસાવા (ઉ.વ.35) (રહે.,) ગત તા.30-12-2025ના રોજ નવાપુર શાકભાજી માર્કેટમાંથી શાકભાજી ભરી ઉચ્છલ ખાતે હાટ બજારમાં શાકભાજી વેચવા ગયો હતો. દરમિયાન યોહાનભાઈ કોઈ છોકરી સાથે વાત કરી રહેલ કપડાંનો ધંધો કરતા વિધર્મી વેપારી ઝુબેર પઠાણ (રહે.,નવાપુર, જિ.નંદુરબાર)ને યોહાનભાઈએ છોકરીનું નામ પૂછતાં ઝુબેર પઠાણે યોહાનભાઈ પર ગુસ્સે થઈ ગયો હતો અને તારે શું કામ છે ? તારા બાપનું શું જાય છે? તને માર પડશે. જતો રહે કહેતાં યોહાન અને ત્યારબાદ પેલી છોકરી પણ ત્યાંથી જતી રહી હતી. બાદ યોહાન શાકભાજી વેચવા માટે પાથરણા પર એકલો હતો. ઝુબેર પઠાણે પોતાની લાલ કલરની યુનિકોર્ન મોટરસાઇકલ પર આવી મારા કામમાં તારે વચ્ચે પડવું નહીં નહીં તો જાનથી મારી નાંખવાની ધમકી આપી યોહાનને બાઈકની ચાવી વડે માથાના ભાગે તેમજ શરીરે પેટના ભાગે ઈજા પહોંચાડી ઝુબેર ભાગી છૂટ્યો હતો. યોહાનભાઈએ ઉચ્છલ સરકારી દવાખાનામાં સારવાર લઈ ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં વિધર્મી વેપારી ઝુબેર પઠાણ વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

નવા દીવા ગામેથી દારૂ સાથે એક ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ: નવા દીવા ગામે પાણીની ટાંકી પાસે રોડની બાજુમાં બાવળની ઝાડીમાં એક ઈસમ દારૂ વેચાણના ઈરાદે ઊભો હતો. એલ.સી.બી. પોલીસ ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતાં વિજય મેલા વસાવા (ઉ.વ.24) (રહે.,જૂના બોરભાઠા બેટ, તા.અંકલેશ્વર)ને મિણીયા થેલી સાથે ઝડપી લીધો હતો. પોલીસે તપાસ કરતાં મિણીયા થેલીમાંથી પ્રતીબંધિત વિદેશી દારૂની નાની બોટલો તથા બિયર ટીન મળી આવ્યાં હતાં. કુલ 38 નંગ દારૂ અને બિયરનો જથ્થો, રૂ.9055ની કિંમતનો તથા રૂ.5000 કિંમતનો મોબાઇલ ફોન મળી કુલ રૂ.14,055નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ દારૂનું વેચાણ નવા દીવા ગામે રહેતા કિશન મના વસાવા દ્વારા કરાવવામાં આવતું હતું, જે હાલ ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે.

વાંકલ હાઈસ્કૂલમાં આનંદ મેળો યોજાયો

વિ... મૈસુરીયા

વાંકલ: શ્રી વાંકલ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક વિભાગો દ્વારા શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઇસ્કૂલ ખાતે ભવ્ય આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં પ્રાથમિક, માધ્યમિક (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ) અને નર્સિંગ કોલેજના અંદાજે 450 વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ વાનગીઓ અને કૃતિઓના 84 જેટલા સ્ટોલ્સ પ્રદર્શિત કર્યા હતા. કાર્યક્રમના ઉદઘાટક તરીકે મંડળના ટ્રસ્ટી અને પૂર્વ મંત્રી અશ્વિનભાઈ શાહ તથા મુખ્ય મહેમાન તરીકે મંત્રી હરેશભાઈ મોદીએ દીપ પ્રાગટ્ય અને રિબિન કાપી મેળાને ખુલ્લો મૂક્યો હતો. મંડળના આચાર્ય અને સ્ટાફની મહેનતને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

કોસંબામાં હિટ એન્ડ રન: કામરેજના બાઈક સવાર બે સગા ભાઈનાં મોત

ઈબ્રાહીમ કાનુ

કોસંબા ઓવરબ્રિજ પર બનેલી ઘટના, બંને પાલેજ ખેતરે જવા નીકળ્યા હતા

હથોડા: કોસંબા નજીક નેશનલ હાઈવે નં.48ના ઓવરબ્રિજ પરથી પસાર થતી મોટરસાઈકલને અજાણ્યા વાહને અડફેટે લેતાં બાઈક ઉપર સવાર બે સગા ભાઈનાં ઘટના સ્થળે જ મોત થયાં હતાં.

કામરેજ ખાતે રહેતા બે સગા ભાઈઓ પ્રવીણભાઈ પરસોત્તમભાઈ ભાયાણી (ઉ.વ.52) અને મગનભાઈ પરસોત્તમભાઈ ભાયાણી (ઉ.વ.64) પોતાની મોટરસાઈકલ નં.(GJ-05-MJ-1108) પર સવાર થઈ પાલેજ ખાતે આવેલા પોતાના ખેતરમાં નીલગાયથી પાકનું રક્ષણ કરવા માટે ખેતર ફરતે સાડીઓ બાંધવા જઈ રહ્યા હતા. તે દરમિયાન કોસંબા નજીક નેશનલ હાઈવે નં.48ના ઓવરબ્રિજ પર પૂરપાટ ઝડપે આવેલા કોઈ અજાણ્યા વાહને તેમની મોટરસાઈકલને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ કરુણ દુર્ઘટનામાં બંને ભાઈઓનાં સ્થળ પર જ મોત નીપજ્યાં હતાં. મૃતકો પાસેથી મળી આવેલા આધાર કાર્ડના આધારે તેમની ઓળખ થતાં પોલીસે તાત્કાલિક તેમના સગા-સંબંધીઓનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતા જ નેશનલ હાઈવે ઓથોરિટી અને સુરત જિલ્લા ટ્રાફિક પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક વાહન સહિત ફરાર થઈ ગયો હોય, પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવીના ઘંટોલી ગામે બાઇક ઝાડ સાથે અથડાતાં યુવકનું મોત

ડિલેશ પટેલ

માંડવી: માંડવીના ઘંટોલી ગામની સીમમાં ફેદરિયા ચાર રસ્તા પાસે ગંભીર માર્ગ અકસ્માત સર્જાતાં યુવાનનું મોત નીપજ્યું હતું.

ઝંખવાવથી માંડવી તરફ જતા રોડ પર એક મોટરસાયકલ ઝાડ સાથે અથડાતાં નર્મદા જિલ્લાના ઉમાન ગામના 26 વર્ષીય યુવક વિનોદભાઈ કાશીરામભાઈ વસાવાનું મોત થયું હતું. આ ઘટના 31 ડિસેમ્બર બુધવારેના રોજ સવારે 9:30 વાગ્યાના સુમારે બની હતી. મૃતક વિનોદભાઈ વસાવા પોતાની KTM ડ્યુક મોટરસાઇકલ નં-Gj-22- AA-3191 ઝંખવાવથી માંડવી તરફ જઈ રહ્યા હતા. અકસ્માત થતાં બાઇક ઝાડ સાથે જોરથી અથડાઈ હતી. જેથી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

માંગરોળના વાંકલ પેટ્રોલપંપ નજીક અકસ્માતમાં યુવાનનું મોત

અકસ્માત થતાં ગુસ્સે ભરાયેલા લોકોએ સ્પીડ બ્રેકર ઉખાડી મૂક્યા

વાંકલ: માંગરોળના માંડણ ગામનો યુવાન અક્ષય વસાવા યામાહા બાઈક નં.(GJ-19,BH-0047) લઈ માંગરોળ મેળામાં તેના મિત્ર જોડે રાત્રે દસેક વાગ્યાના અરસામાં ફરવા માટે જતો હતો. ત્યારે નવા બનેલ સ્પીડ બ્રેકર પાસે હાઇવા ટ્રકે બ્રેક મારતાં તે પાછળ ઘૂસી ગયો હતો. નવા બનેલા સ્પીડ બ્રેકર પાસે કોઈ દિશાસૂચક બોર્ડ મૂકવામાં આવ્યાં ન હતાં. આ ઘટનાની જાણ થતાં માંગરોળ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. યુવાનને 108 મારફતે સારવાર માટે માંગરોળ ત્યાંથી સુરત હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જો કે, અક્ષય વસાવાનું મોત નીપજ્યું હતું. જેને લઈ લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. જેથી ત્યાં મૂકેલાં સ્પીડ બ્રેકર ઉખેડી ફેંકી દેવામાં આવ્યાં છે. આ સ્પીડ બ્રેકરો મૂકવાના આઠ કલાકમાં ચાર જેટલા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. આ ઘટનાને લઈ લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ અંગેની ફરિયાદ અજય વસાવાએ નોંધાવી હતી.

બારડોલીના અલ્લુ ગામે સસ્તા અનાજની દુકાનમાં મોટાપાયે ગેરરીતિ

લાભાર્થીઓ દ્વારા મામલતદારને આવેદન

બારડોલી: બારડોલીના અલ્લુ ગામે આવેલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનમાં ચાલતી ગેરરીતિઓ સામે સ્થાનિક આદિવાસી લાભાર્થીઓએ મોરચો માંડ્યો છે. દુકાનદાર દ્વારા ઓનલાઈન કૂપન ન આપવા અને અનાજના જથ્થામાં કપાત કરવા જેવી ગંભીર ફરિયાદો સાથે ગ્રામજનોએ બારડોલી મામલતદારને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી છે.

લાભાર્થીઓના જણાવ્યા અનુસાર દુકાનદાર સેવકભાઈ બાબરભાઈ ધોડિયા દ્વારા સરકારના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર દુકાનદાર દ્વારા ઓનલાઈન જનરેટ થતી કૂપન આપવામાં આવતી નથી. તેના બદલે સાદા કાગળ પર અનાજની વિગતો લખીને લાભાર્થીઓને રવાના કરી દેવાય છે. કૂપન મુજબ જેટલો જથ્થો મળવો જોઈએ, તેના કરતાં ઓછું અનાજ આપવામાં આવતું હોવાની રાવ ઊઠી છે. આખા મહિનાના બદલે માત્ર મહિનાના છેલ્લા 4-5 દિવસ જ દુકાન ખોલી અનાજનું વિતરણ કરવામાં આવે છે. નવેમ્બર માસના અનાજના જથ્થાની હેરાફેરી થઈ હોવાના પુરાવા પણ ગ્રામજનો પાસે હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, અગાઉ પણ ગામના આગેવાનો દ્વારા અનાજનો જથ્થો પકડી પાડી મામલતદાર કચેરીને જાણ કરવામાં આવી હતી, તેમ છતાં તંત્ર દ્વારા દુકાનદાર વિરુદ્ધ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

આ મનસ્વી વહીવટને કારણે ગરીબ આદિવાસી પરિવારો પોતાના હકના અનાજથી વંચિત રહી રહ્યા છે. હાલમાં લાભાર્થીઓએ આ મામલે તટસ્થ તપાસ કરી કડક પગલાં લેવાની માંગ કરી છે.

ભરૂચમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ સામે વકીલોની હડતાળ

યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે

ભરૂચ: ભરૂચ જિલ્લા વકીલ બાર એસોસિએશન દ્વારા ભરૂચ જિલ્લા કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એચ.એસ.ગાંધી સામે વકીલો હેરાન-પરેશાન થવાના આક્ષેપોને લઈ હડતાળ કરવાની જાહેર કરી છે. ભરૂચ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના નિર્ણય દ્વારા હાઈકોર્ટ દ્વારા યોગ્ય પગલાં લેવામાં ન આવે ત્યાં સુધી વકીલ મિત્રો દરરોજ એક કલાક માટે સંબંધિત જજની કોર્ટની બહાર હડતાળ કરશે. ભરૂચ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં વકીલોને સતત અસુવિધા અને માનસિક હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો હોવાના આક્ષેપો કર્યા છે. આ બાબતે ભરૂચ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પ્રમુખ પ્રદ્યુમનસિંહ સિંધાને લેખિત તેમજ મૌખિક રીતે રજૂઆત કરી હતી.

ડીઝલ ભરેલા ટેન્કરની બેટરી ફાટતાં કેબિનમાં આગ ભભૂકી

કોસંબાનો બનાવ, ડીઝલ ભરેલું ટેન્કર પાનોલીથી ચીખલી જતું હતું

ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા નજીક નેશનલ હાઈવે નં.48 પર બુધવારે ડીઝલ ભરેલા ટેન્કરની બેટરી ફાટતા ટેન્કરની કેબિનમાં આગ ફાટી નીકળતાં નેશનલ હાઈવે નં.48 પર નાસભાગનાં દૃશ્યો સર્જાયાં હતાં.

પાનોલીથી ડીઝલ ભરીને ચીખલી જઈ રહેલું ટેન્કર કોસંબા નજીક હાઈવે પરથી પસાર થતું હતું. ત્યારે અચાનક બેટરી ફાટતાં ટેન્કરની કેબિનમાં આગ લાગી હતી. અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં એક તબક્કે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે પહોંચી નજીકમાં આવેલી એક ખાનગી કંપનીમાંથી પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લીધી હતી. ટેન્કરમાં આગ ફાટી નીકળતાં હાઈવે પર ડરામણો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ આગ કાબૂમાં આવતાં અને કોઈ અનિચ્છનીય બનાવ નહીં બનતાં પોલીસ તંત્રએ રાહતનો દમ લીધો હતો.

વાલોડમાં ભૂંડોથી ધરુને બચાવવા ખેડૂતોએ ખેતર ફરતે જાળી લગાડી

વાલોડ: વાલોડ તાલુકામાં ચોમાસા કરતાં પણ ઉનાળુ ડાંગરનો પાક સિંચાઈની પૂરી સવલતોને કારણે ખૂબ સારો થતો હોય છે. જેથી જે ખેડૂતોની શેરડી ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં કપાતા ખેતર ખાલી પડતા તેમાં ડાંગરની રોપણી શરૂ કરે છે. ચોમાસુ ડાંગરમાં કમોસમી વરસાદે ખેડૂતોને રાતાપાણી એ રોવડાવ્યા હતા. તેમ છતાં વાલોડના દેલવાડા, શીકેર, નાવાફળીયા ગામના ખેડૂતો દ્વારા ધરુ નાંખવામાં આવ્યું હતું. જે તૈયાર થવાની કગાર પર છે ત્યારે રાત્રિ દરમિયાન જંગલી ભૂંડો નુકસાન પહોંચાડી રહ્યા છે. આથી ખેડૂતો ભૂંડના ત્રાસથી કંટાળી આખરે ધરુની ફરતે લાકડીના ટેકા સાથે જાળી લગાવી ધરુનો બચાવ કરતા જોવા મળી રહ્યા છે.

કીમ ગામે ફરી ગેસ લાઇનમાં ભંગાણ પડતાં અફરાતફરી

રોડની કામગીરી વેળા ગેસ લાઇનને નુકસાન, જાનહાનિ ટળી

કીમ: કીમ ગામે ફરી એકવાર બુધવારે ગેસ લાઇનમાં ભંગાણ પડવાની ઘટના સામે આવી છે. થોડા દિવસ અગાઉ ગોવિંદનગર વિસ્તારમાં ગટરનું ખોદકામ ચાલી રહ્યું હતું. દરમિયાન ગેસ લાઇનને નુકસાન પહોંચતાં અફરાતફરી મચી હતી. આ ઘટના બાદ હવે બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ પાસે સર્વિસ રોડના કામ દરમિયાન ફરી એકવાર ગેસ લાઇનમાં ભંગાર પડ્યું હતું. ઘટનાની જાણ થતા જ તંત્ર અને ગેસ કંપની દ્વારા તાત્કાલિક સુરક્ષા પગલાં લેવામાં આવ્યાં હતાં અને થોડા સમય માટે ગેસ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. ઘટનાના કારણે સ્થાનિક વિસ્તારમાં થોડો સમય ભયનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના ન બનતાં લોકોએ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ગેસ કંપની દ્વારા પરિસ્થિતિ હાલ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું જણાવવામાં આવ્યું છે. ગેસ લાઇનની રિપેરિંગ કામગીરી પૂર્ણ થયા બાદ ગેસ પુરવઠો ફરી શરૂ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે. જો કે, વારંવાર ગેસ લાઇનને નુકસાન પહોંચવાની ઘટનાઓ સામે આવતાં વિકાસકામ દરમિયાન વધુ સાવચેતી અને સંકલન રાખવાની સ્થાનિકોમાંથી માંગ ઊઠી રહી છે.

માંડવી તાલુકા ભાજપ પ્રમુખને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદ

અનિલ ચૌધરીએ કામરેજ ચાર રસ્તા ખાતેથી ટ્રેક્ટર લીધું હતું, જેનો ચેક રિટર્ન થયો હતો

કામરેજ: નવાગામ ઉદ્યોગનગરમાંથી લીધેલા ટ્રેક્ટરના રૂપિયાના ચેક રિટર્ન કેસમાં માંડવી તાલુકા ભાજપ પ્રમુખને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કઠોર કોર્ટના જજે કર્યો હતો.

કામરેજના કોસમાડા ખાતે રહી કામરેજ ચાર રસ્તા પાસે નવાગામની હદમાં ઉદ્યોગનગરમાં પાટીદાર એજન્સીના વહીવટકર્તા અને ભાગીદાર અનંત ધનસુખભાઈ પટેલની ન્યૂ હોલેન્ડ કંપનીના ટ્રેક્ટર્સના ઓથોરાઈઝ ડીલર છે. જેઓ નવા ટ્રેક્ટર્સ અને તેના સ્પેરપાર્ટસ વેચવાનો ધંધો કરે છે. માંડવીના કેવડિયા ગામમાં ગોડાઉન ફળિયામાં રહેતા અને માંડવી તાલુકા ભાજપના પ્રમુખ અનિલ નારસિંગ ચૌધરીને નવા ટ્રેક્ટરની જરૂર હોવાથી અનંત પટેલનો સંપર્ક કર્યો હતો. રૂ.7,51,000માં ટ્રેક્ટરની ટેસ્ટ ડ્રાઈવ લઈને ડીલવરી લીધી હતી. બાદ રૂપિયાની માંગણી કરતાં રૂપિયા ચૂકવ્યા ન હતા. કંપનીના મેનેજરે ઉઘરાણી કરવા માટે મોકલ્યા હતા ત્યારે અનિલ ચૌધરીએ એચ.ડી. એફ.સી. બેંક બારડોલી શાખાનો રૂ.7,51,000નો તા.1-7-2019નો ચેક આપ્યો હતો. જે કામરેજ ચાર રસ્તાની બેંકમાં ગત તા.6-7-19ના રોજ નાંખતાં એકાઉન્ટ ક્લોઝના શેરા સાથે રિટર્ન થયો હતો. જે ચેક રિટર્ન થતાં અનંત પટેલે વકીલ દિનેશ પટેલ દ્વારા નોટિસ મોકલવામાં આવી હોવા છતાં પણ રૂપિયા ન ચૂકવતાં આખરે કોર્ટના દ્વાર ખખડાવતાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 મુજબનો કેસ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ એડિ. ચીફ જ્યુડિ. મેજિસ્ટ્રેટ પ્રખર શર્માની કોર્ટમાં ચાલી જતાં વકીલ દિનેશ પટેલએ ધારદાર રજૂઆતો કરતાં આરોપી અનિલ નારસિંગ ચૌધરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138ના ગુનામાં તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. સાથે ફરિયાદીને વળતર પેટે રૂ.7,51,000 ચૂકવવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જો આરોપી વળતરની રકમ ન ચૂકવે તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

પ્રેમિકાના પતિએ પ્રેમીને ચપ્પુના બે ઘા માર્યા

કામરેજ:કામરેજ તાલુકાના ધાતવા ગામે નવી કોલોનીમાં રહેતા રાજુ નીલેશ રાઠોડ મોરથાણા ગામની વિશ્વભારતી સ્કૂલની બસ પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગામમાં જ રહેતી એક પરિણીત મહિલા સાથે તેમને પ્રેમસંબંધ બંધાતાં, તે મહિલા પોતાના પતિને છૂટાછેડા આપી પિયર જતી રહી હતી. મંગળવારે શાળામાં રજા હોવાથી ઘરે જ હતા અને સાંજે 6 કલાકે નજીકની પ્રાથમિક શાળા પાસે બેસવા ગયા હતા. રાત્રે 8 કલાકે હિતેશ કનુ રાઠોડ ત્યાં બાઈક પર આવ્યો હતો અને તેં મારી જિંદગી બગાડી નાંખી તેમ કહી ગાળો આપી મારપીટ કરવા લાગ્યો હતો. હિતેશે પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કરતાં રાજુએ ડાબો હાથ આગળ ધર્યો હતો, જેના કારણે તેમની ત્રણ આંગળીઓમાં ઈજા થતા લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારબાદ ફરી ચપ્પુ મારવા જતાં ગળાના ભાગે ચામડી કપાઈ ગઈ હતી. બૂમાબૂમ થતાં આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને રાજુને બચાવી કામરેજ ચાર રસ્તાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. આ મામલે હિતેશ રાઠોડ વિરુદ્ધ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

જાહેર નોટીશ - સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બારડોલીની કોર્ટમાં, મુ.બારડોલી

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.નં.૩૨/૨૦૨૫
તા.૨૦/૧૨/૨૦૨૫

વાદી :- મલેક હનીફ મોહંમદ, રહે. જુના એસ ટી ડેપો પાસે અંકલેશ્વર તા.અંકલેશ્વર જિ.ભરૂચ

વિરૂધ્ધ

પ્રતિવાદી :- (૧)જન્મ/મરણ નોંધણી રાજ્યસ્તરીય/મામલતદાર બારડોલી તા.બારડોલી જિ.સુરત (૨) જન્મ/મરણ નોંધણી રાજ્યસ્તરીય/નગરપાલિકા બારડોલી, જી. સુરત.

વિષય:- જન્મ/મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી મલેક હનીફ મોહંમદ, રહે. જુના એસ ટી ડેપો પાસે અંકલેશ્વર તા.અંકલેશ્વર જિ.ભરૂચના પોતે મલેક હનીફ મોહંમદના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીયેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મલેક હનીફ મોહંમદ ૨. તેમના જન્મની તારીખ: ૧૯/૦૩/૧૯૫૭ ૩. જન્મનું સ્થળ: બારડોલી તા.બારડોલી જિ.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મલેક હનીફ મોહંમદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫ માં અથવા આ કામની સુનાવણી તા. ૦૯/૦૧/૨૦૨૬ ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી

કોર્ટનો સિક્કો

સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેક્ટર, બારડોલી પ્રાંત, જી.સુરત

Milano MULTIPLEX

બારડોલી

Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Bicharo Bachelor-Gujarati
06:30pm

Avatar: Fire And Ash
10:30am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333